# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર-૧

સમય : સવારે ૯ થી ૧૨ રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮ કુલ ગુણ : ૧૦૦

અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણીઃ ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણઃ ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

(વિભાગ : ૧ 'વચનામૃત' ના આધારે)

પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)

☞ નોંધ : ઉપરના જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.

૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી — ૧ ગુણ
૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ — ૧ ગુણ
૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો — ૧ ગુણ
૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. — ૩ ગુણ
૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. — ૧ ગુણ
૬. પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે.

૧. **રાજનીતિના વચનામૃતનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (મ. ૧૨) જ.** જેમ કોઈક રાજા હોય ને તે બુદ્ધિહીન હોય પછી એના ઘરનાં મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહિ. પછી એ વાર્તાની જ્યારે ગામના મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઈ હુકમ માને નહિ. પછી દેશનાં મનુષ્ય એ વાત સાંભળે ત્યારે દેશનાં મનુષ્ય પણ કોઈ હુકમ માને નહિ. પછી તે રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને બેસી રહે અને કોઈ ઉપર હુકમ ચલાવે નહિ. તેમ રાજાને ઠેકાણે જીવ છે અને ઘરનાં મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે ને ગામનાં ને દેશનાં મનુષ્યને ઠેકાણે ઈન્દ્રિયો છે. તે જ્યારે એ જીવ નાદાર થઈને બેસે ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઈચ્છે છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહિ અને ઇંદ્રિયોને વશ રાખવા ઈચ્છે તો ઇંદ્રિયો પણ એને વશ રહે નહિ. પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તો પણ રાંકની પેઠે ઓશિયાળો થઈ રહે છે. અને જ્યારે રાજા નાદાર થાય ત્યારે તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહિ. તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે અને એ જીવનું લેશમાત્ર ચાલતા દેતા નથી. માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ.

૨. **જીવનદોરી વચનામૃતનો ભાવાર્થ (મ. ૨૮) જ. ૧.** ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તો પણ પોતાની પદવી થકી પડી ગયા છે. અને જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભકતની સેવા કરવી એ જ છે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. **૨.** અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. **૩.** આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે.'

૩. **મહારાજને વહાલું - નિષ્કામી વર્તમાન (મ. ૩૩) જ. ૧.** એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહીં. **૨.** અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોયપણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. **૩.** માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.

**૪. ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહીં. (મ.૧૩)**

**જ. ૧.** ભગવાન જે મનુષ્ય દેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્યસ્વરૂપે ભાસે છે અને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે. **૨.** એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે. અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. **૩.** અને જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દ્રઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એમાં કાંઈક થોડી ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઈ ચિંતા નથી પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો.

**૫.નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે. (મ. ૨૨)**

**જ.**એ છે જે નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે ને અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દ્રઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, ‘આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.’ એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી, એ ભક્તજનના હૈયામાં તો એ જ દ્રઢ નિશ્ચય છે જે, ‘આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.’

**પ્ર.૨ નીચેના અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) અવતરણનો ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. ‘માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.’ (ગ.મ. ૫૧) (૨૬)

૨. ‘અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ.’ (કારિ. ૧૦) (૩)

૩. ‘માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હ્રદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે.’ (ગ.મ. ૧૧) (૧૧)

૪. ‘અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.’ (કારિ. ૧૨) (૭)

૫. ‘જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, ‘તું પરમહંસ થા.’ તો તે તત્કાળ પરમહંસ થાય. એવા જેના લક્ષણ હોય તે હરિભક્ત સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો.’ (ગ.મ. ૬૧) (૩૨)

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. શાસ્ત્ર :** ૧. **(કારિ. ૧૦)** અને જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. (૧) **૨. (ગ.મ. ૧૩)** આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. (૧૫)

**૨. સેવા : ૧. (ગ.મ. ૭)** વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપા દ્રષ્ટિએ જુએ જે, ‘આ બિચારો વૈરાગ્યહીન છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકારો ટળો.’ તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (૯) **૨. (ગ.મ. ૧૧)** અને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે, કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઇંદ્રિયોને લાડ લડાવવાને

અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. (૧૦) **૩. (ગ.મ. ૫૫)** અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, અને વાણી તે ભગવાનના યશને જ ગાય, અને હાથ તે ભગવાનના ભક્તની સેવા - પરિચર્યાને જ કરે, અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે. (૨૮) **૪. (ગ.મ. ૫૯)** અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (૩૦) **૫. (ગ.મ. ૫૯)** અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. (૩૧) **૬. (ગ.મ.૬૩)** ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. (૩૪)

**(વિભાગ:૨ 'સ્વામીની વાતો' ના આધારે)**

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને વાતો નંબર આપેલ છે.**

**૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ? (૩-૩૪)**
જ. સત્પુરુને નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે, તેમની સાથે કોઈ પ્રકારનો અંતરાય રાખે નહિ તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે.
**૨. કોની બુદ્ધિ ભેદાતી નથી ? (૩-૫૧)**
જ. જેણે સાત્ત્વિક સેવ્યા હોય, કામાદિક દોષે રહિત થયા હોય ને વાસના કુંઠિત થઈ ગઈ હોય તેની બુદ્ધિ ભેદાતી નથી.
**૩. કોણ ખીજડા જેવા છે ? (૩-૬૮)**
જ. આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે.
**૪. 'મહારાજ પુરુષોત્તમ ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે.' એ બે વાત કયા વચનામૃતમાં કરી છે ? (૩-૩૮)** જ. પ્રથમના એકોતેરના વચનામૃતમાં વાત કરી છે.
**૫. સત્પુરુષમાં જીવ બંધાણો ક્યારે કહેવાય ? (૩-૬૫)**
જ. આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થાય ત્યારે સત્પુરુષમાં જીવ બંધાણો કહેવાય.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. એકબીજામાં સંપ હોય તો **અધર્મ સર્ગ** પેસવા આવે નહિ. (૩-૫૮)
૨. જેમ જેમ જ્ઞાન થાતું જાય તેમ તેમ ભગવાનનો **મહિમા** જણાતો જાય. (૩-૬૧)
૩. **સાધુ** ને વિષે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી. (૩-૩૬)
૪. 'ગુરુ કર્યા હોય તો તેના **ગુણ આવવા** જોઈએ ને ? (૩-૪૫)
૫. 'હું અનિર્દેશથી આવ્યો છું, કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું. ને **સુગાળવો** છું. (૩-૪૭)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : આ પ્રશ્નના જવાબની સમજૂતિ માટે નીચે દર્શાવેલ સાત મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૩. શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ | ૨ ગુણ |
| ૫. નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાના કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દ્રષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. સત્પુરુષનો સંગ : (૧)** તીન તાપકી ઝાલ ઝર્યો પ્રાની કોઈ આવે, તાકું શીતલ કરત તુરત દિલ દાહ મિટાવે;
કહી કહી સુંદર બેન રેન-અજ્ઞાન નિકાસે, પ્રગટ હોત પહિછાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે;
વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ ભવદુઃખ કાટત જંતકો. કહે બ્રહ્મમુનિ આ જકતમેં સંગ અનુપમ સંતકો.'

એવો સત્સંગ મળ્યો છે પણ સમાગમ વિના કોઈને ગમ પડતી નથી ને જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું. તે ઉપર બ્રહ્માનંદસ્વામીનો સવૈયો બોલ્યા જે,

રાજ ભયો કહાં કાજ સર્યો મહારાજ ભયો કહાં લાજ બઢાઈ
શાહ ભયો કહાં વાત બઢી પતસાહ ભયો કહાં આન ફીરાઈ
દેવ ભયો તો કહાં ભયો અહમેવ બઢ્યો તૃષ્ણા અધિકાઈ
બ્રહ્મમુનિ સત્સંગ વિના સબ ઓર ભયો તો કહાં ભયો ભાઈ.

એમ સત્પુરુષનો સંગ નથી કર્યો ત્યાં સુધી કાંઈ કર્યું નથી. (૩/૪૮)

(૨) તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે. એમ કહીને બોલ્યા જે,

શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણાધિગચ્છતિ ॥

અને જેને એવી શ્રદ્ધા ન હોય તેને તો 'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥'

એમ પણ કહ્યું છે, માટે સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે-મન, કર્મ, વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીએ તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.' એટલી વાત કરીને બોલ્યા જે, 'સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે.' (૩/૬૦)

૨. **અક્ષરધામની સર્વોપરીતા - અન્ય ધામોની અપેક્ષાએ.**

**૧.** મહારાજ બોલ્યા 'હું અનિરદેશથી આવ્યો છું, કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું, તે મારી સૂગ ચડી ગઈ છે, નીકર તો કાંઈ નોખા રહે એવાં નથી.(૩/૪૭) **૨.** બીજાએ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી. ટાળ્યા હોત તો ગોલોક ને વૈકુંઠ લોકમાં કજિયા શા સારું થાય ? રાધિકા અને શ્રીદામાની વઢવેડ, જયવિજય અને સનકાદિકની વઢવેડ. (૩/૫૫) **૩.** મહારાજ કારણ શરીર ટાળવા સાધુને નિયમ અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરવાનો હેતુ છે.(૩/૫૫) **૪.** જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય તેમાં શેનો મોહ થાય ? (૩/૬૪) **૫.** મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે. (૩/૬૪)

૩ **વિષયની પ્રબળતા : ૧.** લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે, તેને એક-બે દિવસ રહીને જાણે જે ટાઢો કરી જાઉં, એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દસ-પંદર દિવસ સુધી તો ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહિ પેસે. (૩/૪૮) **૨.** ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે, તે નીસરાય નહિ; તેમ જ ગમે તેવો અંતર્દષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે તે ડગાવી નાખે છે, પણ અંતર્દષ્ટિ થાવા દે નહિ. (૩/૫૧) **૩.** અને વિષય તો બાંધે એવા છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહિ. કેમ જે કેવા વૈરાગ્યવાન ! તેને પણ બાંધ્યા. તેનાં નામ ગોવિંદસ્વામી, પરમહંસાનંદસ્વામી તથા મહાપ્રભુ નામે સાધુ, એ આદિક ઘણા ઘણાને બાંધ્યા. તેની વિક્તિ જે ગોવિંદસ્વામીને કેવો વૈરાગ્ય, તો સંસારનો ત્યાગ કરીને ચાલ્યા તે રસ્તામાં એક રાજાની બાની દસ હજાર રૂપિયાનું સોનું લઈ બેઠેલ. પછી ગોવિંદસ્વામીનું રૂપ જોઈને કહે જે, 'આ સોનું ને હું તમારી છું.' પછી વિચાર થયો જે, 'પ્રભુ ભજવા નીસરે છે તેને આડી સિદ્ધિયું આવે છે, તે મારે સિદ્ધિ આવી.' પછી તો પોતાનું લૂગડું મૂકીને કહ્યું જે, 'બેસ ખત્રે જઈ આવું.' એમ કહીને ચાલ્યા ગયા. એવા વૈરાગ્યવાન, તે પણ ગંગામાની દાળ, ભાત ને રોટલીયુંમાં બંધાણા. તેને મહારાજે ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ગામ જ આવવા દીધું નહિ; ત્યારે હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! કેમ કરવું છે ?' પછી મહારાજ બોલ્યા જે, ''રીંગણાં ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુર જઈ ભિક્ષા માગો. પછી કોઈ કહેશે જે, ગોવિંદસ્વામી કાંઈ જોઈશે ? ત્યારે કહેવું જે, હાઉ ! અરે, ગોવિંદસ્વામી ગાંડા થયા ? ત્યારે કહેવું જે હાઉ !!'' એમ કરીને સ્વભાવ મુકાવ્યા. ને પરમહંસાનંદસ્વામીએ તો ગાયુંમાં બે વરસ આસન કર્યું તે પાછું સાધુમાં આસન થયું નથી. ને ત્રણ વૃત્તિ તો પોતે સારસ્વત ભણ્યા હતા ને ખોજાના તો ગુરુ કહેવાતા, તેને પણ એમ થયું. ને એક સાધુ મહાપ્રભુ નામે હતો તે ઝોળીમાં બંધાણો. તેને મહારાજે કહ્યું જે, ''હવે નરનારાયણની ઝોળી રહેવા દ્યો ને લક્ષ્મીનારાયણની ઝોળી માગો.'' પછી વરતાલ આવીને બે-ત્રણ દિવસ રહીને જાતો રહ્યો. એમ જીવ બંધાય છે. (૩/૫૨)

**(વિભાગ : ૩ 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ,૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

☞ નોંધ :- **(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા દસ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧. નીલકંઠવર્ણીની નિર્ભયતા :** ૧. હનુમાનજીએ સાથે ફરવાની આજ્ઞા માગી ત્યારે નીલકંઠે પાડેલી ના. ૧/૧૦૫

૨. સહેજાપુરમાં લોકોની ના છતાં નદીના પ્રચંડ પૂરમાં નાહવા પડેલા નીલકંઠ ૧/૧૦૮

૩. મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી. હું તો અહીં જ સૂઈ રહીશ. જે થવાનું હશે તે થશે - શ્રીપુર મઠના મહંતને ૧/૧૧૭

૪. કોઈ માનવી ત્યાં જઈ શકતું નથી અને કોઈ ત્યાં જવાનો સંકલ્પ પણ કરતું નથી - બદરીનાથના પૂજારી. 'અમે માનવી નથી. અમારો સંકલ્પ દૃઢ છે. તમે રસ્તો બતાવો, નહિ તો અમે ચાલી નીકળીશું.' - બદરીવન પ્રતિ જવા તૈયાર થયેલા નીલકંઠ ૧/૧૨૪

૫. મારા વિશાળ વિસ્તારમાં કોઈ માનવી ફરકી ન શકે. જરૂર આ નરઋષિએ કહ્યા તે મહાપ્રભુ છે - હિમગિરી ૧/૧૨૬

૬. કાળા પર્વતની વાટે નીલકંઠ વર્ણી ૧/૧૪૪

૭. હિમગિરિના સાન્નિધ્યમાં કાળભૈરવનો પરાભવ ૧/૧૪૬

૮. જીવજંતુઓની અમને બીક નથી. અમારે તો પુલહાશ્રમ પહોંચવાનું લક્ષ્ય છે. ૧/૧૫૦

૯. કાલી ગંડકીના જોરદાર સામે વહેતા પ્રવાહમાં વર્ણીએ પડતું મૂક્યું. ૧/૧૫૩

૧૦. ઉગ્ર પ્રાકૃતિક વાતાવરણવાળા પુલહાશ્રમમાં નીલકંઠ વર્ણીએ આદરેલું તપ ૧/૧૫૫

૧૧. સાધુને કદી ભય હોય જ નહિ. આપણે તો રાજા પાસે જવું જ છે - બાવાઓની જમાતને - નેપાળના રાજા રણબહાદુરની પાસે જતા નીલકંઠ ૧/૧૭૭

૧૨. સિરપુરથી પરશુરામ કુંડ તરફ જતા રસ્તામાં આવતાં વનમાં નરરાક્ષસોનો વાસ - નીલકંઠ સાથે હોવાથી બાવાઓ નિર્ભય બન્યા હતા. ૧/૧૯૧

૧૩. તારે જે કરવું હોય તે બોલ્યા સિવાય કરવા માંડ. તારા કાળભૈરવ કે બટુકવીર મને કાંઈ કરી શકે તેમ નથી. ૧/૧૯૫

૧૪. જંગલમાં હિંસક પ્રાણીઓનો ભય છે. મનુષ્યથી ત્યાં જઈ શકાય તેવું નથી. તેથી રાજાએ અહીં ચોકી બેસાડી છે - નવલખા પર્વતની વાટે નીલકંઠ - અમને જંગલી પ્રાણીઓ કંઈ કરી શકશે નહિ. અમારે ઉતાવળ છે માટે અમને જવા દ્યો. ૧/૧૯૮

૧૫. જયરામદાસ અને કૃષ્ણ તંબોળી સાથે સરોવરમાં વિહાર કરવા ગયેલા નીલકંઠ જંગલમાં ગયા. ૧/૨૦૫

૧૬. બાવાઓમાં જામેલા યુદ્ધથી પુરીના રાજાએ વર્ણીને કહ્યું આપને હવે અહીં રહેવું ઉચિત નથી. આપ મહેલમાં ચાલો. વર્ણીએ કરેલો ઈન્કાર. ૧/૨૨૦

૧૭. સર્વશક્તિમાન પરમાત્મા જ અમારી સાથે છે, તો તેઓ જ રક્ષા કરે છે ને કરશે - માનસપુરના રાજાને નીલકંઠ ૧/૨૨૮

૧૮. જળના સાપ ઝેરી ના હોય. પોતે પાણી પીધું પછી જયરામે પીધું. ૧/૨૨૯

૧૯. સુરત અશ્વિનીકુમારને આરે ભરપુર પાણીમાં લોકો ના પાડવા છતાં પાણીમાં પડતું મૂકી સામે કાંઠે પહોંચી ગયા.૧/૨૫૫

૨૦. જેમ રસ્તો વધારે વિકટ, જેમ નદીમાં પાણી વધુ ઊંડા, જેમ વાઘ-દીપડાનો વધુ ભય તેમ મને ત્યાં જવાનું વધુ મન થાય છે. મારા જ્યાં પગલાં પડે છે ત્યાંથી ભય નાસી જાય છે. - લાખા કોળીને નીલકંઠ વર્ણી ૧/૨૮૦

**૨. વનવિચરણ દરમિયાન પ્રલોભનોથી અલિપ્ત રહેલા નીલકંઠ :**

૧. ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. ૧/૧૦૫-૧૦૬

૨. ઉદરપોષણ માટે જ આહાર નહિ કે સ્વાદેન્દ્રિયને પોષવા માટે - કોઈ સ્થળે એક રાત્રિથી વિશેષ ન રહેવાનો નિયમ. ૧/૧૦૭

૩. સહેજાપુરમાં ભક્તોએ આપેલ ફળ, મીઠાઈ શાલિગ્રામને ધરાવીને બધાને પ્રસાદ વહેંચી દીધો - બાટી અને કેરીનો રસ કાઢી તેમાં પાણી નાંખીને જમી ગયા. ૧/૧૦૮

૪. બરેલીમાં સ્ત્રીઓ જ્યારે વર્ણીનું મોહક સ્વરૂપ નિહાળવા આવી ત્યારે નીલકંઠ સ્ત્રીઓની ગંધથી જ ત્યાંથી જતાં રહ્યા. ૧૧૦

૫. ધ્રુવજીનો આશ્રમ છે ત્યાં વનમાં વર્ણીરાજની આગળ મુનિઓએ ફળના ઢગલા કરી દીધા પણ પોતે તો તે સામગ્રીમાંથી થોડી જ ગ્રહણ કરી. ૧/૧૧૪-૧૧૫

૬. શ્રીપુરમાં મહંતે પોતાના એક લાખ રૂપિયાની આવકવાળા મઠની સોંપણી કરવાની નીલકંઠને વાત કરી. તેનો નીલકંઠે ઈન્કાર કરી દીધો. ૧/૧૧૯

૭. બદરીનાથના પૂજારી નરનારાયણનો થાળ વર્ણીને જમવા આપે તેમાં પાણી નાખીને નીલકંઠ જમી જતાં 'સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો જોઈએ.' ૧/૧૨૨

૮. જ્યોતિર્મઠમાં સુંદર બાગ-બગીચા વાળો બંગલો અર્પણ કરવા પૂજારી તૈયાર થયો - તેમાં નીલકંઠનો ઈન્કાર ૧/૧૨૪

૯. બદરીપતિની ભૂમિમાં તપ, ત્યાગ અને ભક્તિ જ પ્રધાન હોવાં જોઈએ. ૧/૧૩૧
૧૦. રણજીતસિંહ રાજાએ સુર્વણ, મેવા, મીઠાઈ અર્પણ કર્યા. - રાજ્ય અર્પણ કરવાની તૈયારી પરંતુ નીલકંઠને રાજ્ય ખપતું ન હતું. તેથી ચાલી નીકળ્યા. ૧/૧૩૨-૧૩૩
૧૧. હરૈયાની હલવૈની ડોશીને ચરણસ્પર્શ કરવા ન દીધા. ૧/૧૩૬
૧૨. કાંટા કાંકરામાં નીલકંઠવર્ણી ઉઘાડે પગે ચાલતાં હતા. ૧/૧૩૭
૧૩. વંશીપુરના રાજા પોતાનું રાજ્ય આપવા અને તેમની બે દિકરીઓ પરણાવવા તૈયાર - નીલકંઠ ઈન્કાર કરી ચાલી નીકળ્યા. ૧/૧૩૮ થી ૧૪૩
૧૪. કઠારી તોડી નાખીને મોહનદાસની પદાર્થમાંથી વૃત્તિ તોડાવી દીધી. ૧/૧૬૦-૧૬૧
૧૫. નેપાળના રાજા મહાદત્તની કુંવરી બગીચામાં આવે છતાં નીલકંઠ પોતાની વિરક્ત સ્થિતિમાં જ રહેતા. ૧/૧૬૮
૧૬. કાઠમંડુના રાજાનો રોગ મટાડ્યો. રાજાએ કાંઈક માંગણી કરવા કહ્યું, 'બંદીખાને પૂરેલા સાધુઓને મુક્ત કરવાની માંગણી - બીજું કાઈ જોઈતું નથી.' ૧/૧૭૯
૧૭. સિધ્ધવલ્લભ રાજા દ્વારા અનેક ભેટ - ત્યાગીને કોઈ દિવસ આ પ્રકારની ભેટ ન આપવી. ૧/૧૮૭
૧૮. જગન્નાથજીના થાળની પ્રસાદી પૂજારી નીલકંઠવર્ણીને આપતા. અજગરવૃત્તિ રાખીને જે મળે તે ઠાકોરજીને નૈવેધ કરી જમી લે. ક્યારેક વાયુ ભક્ષણ કરીને રહેતા. અજાચક વૃત્તિ ૧/૨૧૨ થી ૨૧૩
૧૯. અમારે ત્યાગીઓને વળી મહેલો શા ? એ ભોગ અમને ન ખપે. ૧/૨૨૦
૨૦. બુરાનપુરમાં વિપ્રોએ સુંદર રસોઈ તૈયાર કરી નીલકંઠ તો તેમાં બધું અન્ન ભેગું કરી તેમાં પાણી નાખી ચોળીને પી ગયા. ૧/૨૫૧-૨૫૨
૨૧. (ભરૂચ) ભૃગુતીર્થ પાસે પીપળીમાં સારી રસોઈ જમવાનો ઈન્કાર. ૧/૨૫૭
૨૨. ખંભાતમાં હરિદાસના અખાડામાં પધાર્યા - હરિદાસે (અજાચક વ્રત) તે દિવસે અન્ન ન મળવાથી ઉપવાસ કર્યો. નીલકંઠે પણ સાથે ઉપવાસ કર્યો. ૧/૨૭૪
૨૩. ભાવનગરમાં દેવજી ભગતની ધર્મશાળાના માલિકે આ જગ્યાના માલિક બનવા આગ્રહ - નીલકંઠે વિનયથી અસ્વીકાર. ૧/૨૮૪
૨૪. નાગર બ્રાહ્મણની શીરાપુરીની રસોઈ નીલકંઠ અલ્પ જ જમ્યા - તપસ્વીને ભોગ ખપે નહિ. ૧/૩૦૪-૩૦૫

**૩. સદ્ગુણોના ધારક ઘનશ્યામ :** ૧. ઘનશ્યામ ચાર વર્ષના હતા ત્યારથી દરરોજ હનુમાનગઢીએ દર્શને જતા - જેવી હનુમાનજીને રામ પ્રત્યે ભક્તિ હતી તેવી ભક્તિ પોતાને સિદ્ધ થાય તેવી હનુમાનજી પાસે માંગણી. ૧/૪૨
૨. અધ્યયનનો આરંભ - વિદ્યાગુરુ શ્રી હૃદયરામનો ઘનશ્યામ માટેનો અભિપ્રાય સત્ય ૧/૪૪,૪૫
૩. વહેલી સવારે સરયૂસ્નાન કરી, દેવમંદિરોએ દર્શન કરતા - જમવાના સમયે ઠાકોરજી આગળ સર્વ સામગ્રીનું પોતે જ નૈવેદ્ય ધરતા અને થાળ બોલી ઠાકોરજીને જમાડતા - પછી થાળમાંની પ્રસાદી અલ્પ જેટલી જુદા પાત્રમાં લઈ, બધું મેળવી, અંદર પાણી નાંખી, ભગવાનની સ્તુતિ કરીને જમી લેતા - સાંજે સરયુસ્નાન કરી બધા મંદિરોના દર્શન કરવા જતા. એક પગે ઊભા રહી સ્તુતિ કરતા - રાત્રે પણ ભગવત્સ્મરણ કરી સૂઈ જતા. ૧/૪૫-૪૬
૪. સભામાં રામાયણની કથા સાંભળવા બેસતા - એક સાથે અનેક તીર્થોમાં ઘનશ્યામ. ૧/૪૭
૫. ઘનશ્યામ 'રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ' અને 'રામ સીતા લછુમન જતિ' નો અખંડ જાપ કરતા. ૧/૫૫
૬. ઘનશ્યામે પર્ણકુટિમાં હરિદાસની રામકથા સાંભળી. ૧/૬૦
૭. હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો. ૧/૬૫
૮. વિદ્યાવ્યાસંગી ઘનશ્યામ ૧/૭૫
૯. ઘનશ્યામે આઠ શાસ્ત્રોનાં રહસ્યનો એક ગુટકો બનાવ્યો - ઘનશ્યામની રહસ્યમય વાતો સાંભળી અયોધ્યાના છાત્રોને વિશિષ્ટાદ્વૈત મત સત્ય લાગ્યો. ૧/૭૬-૭૭
૧૦. કાશીમાં ગોમઠમાં વિદ્વતસભામાં ઘનશ્યામે સર્વેને પોતાના સ્વરૂપમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યાં. ૧/૮૧
૧૧. કાશીની વિદ્વત્સભામાં દિગ્વિજય. ૧/૭૯ થી ૮૨
૧૨. તીર્થાટન તો પગે ચાલીને જ કરવું જોઈએ - નીલકંઠવર્ણી હિમગિરીને ૧/૧૨૬
૧૩. મારે માતા-પિતા કે ભાઈ-ભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો જ ફરું છું. - હલવૈની માને. ૧/૧૩૬,૧૩૭
૧૪. 'એ તો નિર્લેપ છે, નિરંજન છે, નિર્વિકારી છે અને અક્ષયસુખના દાતા છે'. - વંશીપુરના રાણી ૧/૧૪૨
૧૫. તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને ધર્મની પ્રબળતાથી નીલકંઠે અભિચાર પ્રયોગથી મૂર્છિત ગોપાળદાસને ઉઠાડ્યો. ૧/૧૮૬
૧૬. જગન્નાથપુરીના રાજાને 'અમારે ત્યાગીઓને વળી મહેલો શા ? રાજમહેલના ભોગ અમને ખપે નહિ. ૧/૨૨૦
૧૭. 'અમે કોઈના બંધનમાં આવીએ એવા નથી'. નીલકંઠવર્ણી સેવકરામને. ૧/૨૩૨
૧૮. શિવાશા અને ગોવિંદ શેઠને પોતાની રુચિ સમજાવતાં કહ્યું, 'સ્વાદનો વિચાર કરીએ.. સ્વરૂપમાં ન જોડાય.' ૧/૨૫૨

૧૯. ભરૂચમાં ગુલાબસિંહને નીલકંઠમાં બૃહદ વૈરાગ્ય દેખાયો. ૧/૨૫૬
૨૦. મહુવામાં લક્ષ્મીનારાયણના મંદિરના મહંત બાવા બાલકદાસને નીલકંઠવર્ણીની અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ દેખાયો. ૧/૨૯૩
૨૧. જમવું એ પ્રાણના પોષણ માટે છે. તપસ્વીને ભોગ ખપે નહિ. ૧/૩૦૪,૩૦૫

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. લોજમાં નીલકંઠ :**

૧. નીલકંઠે મુક્તાનંદ સ્વામીને પૂછેલા પ્રશ્નો. ૧/૩૧૭-૩૨૦
૨. મુક્તાનંદ સ્વામીને વર્ણીએ કહ્યું 'મારા પર તમે ઘણો અનુગ્રહ કર્યો છે. મારા પર કૃપા રાખજો. યોગ્ય લાગે ત્યારે શિક્ષાવચન કહેજો, ટોકજો, મને તમારો ગણજો.' ૧/૩૨૧
૩. જન્માષ્ટમીએ પારણામાં બાલમુકુન્દને બદલે વર્ણી ૧/૩૨૧-૩૨૨
૪. મુક્તાનંદ સ્વામીએ સ્ત્રીઓને છેલ્લા રામ રામ કર્યા. ૧/૩૨૩
૫. આશ્રમની દિવાલનું છિદ્ર પૂર્યું. ૧/૩૨૩-૩૨૪
૬. આશ્રમની નાની-મોટી સેવા ૧/૩૨૪
૭. સદા ધ્યાનસ્થ વર્ણી ૧/૩૨૪-૩૨૫
૮. બ્રહ્મપથના ભોમિયા સરજુદાસ, લોજમાં સૌને વહાલા સરજુદાસ ૧/૩૨૭
૯. લોજમાં લાલજીને સરજુદાસમાં જુગજુની ઓળખાણ લાગી. ૧/૩૩૬-૩૩૭
૧૦. મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન ધ્યાન સગુણ કે નિર્ગુણ ? ૧/૩૩૯

**૨. લાલજી સુથાર નિષ્કુળાનંદ બન્યા :**

૧. લાલજી સુથાર પાસે શ્રીજી મહારાજની કચ્છ માટે ભોમિયો મેળવી આપવાની માંગણી - લાલજી સુથારે પોતે જ જવાનું વિચાર્યું - આજ્ઞાનું મહત્વ સમજાયું. ૨/૬૪
૨. કચ્છની વિકટ વાટમાં ઈષ્ટદેવને તકલીફ ન પડે તે માટે ભાથું, પાણી અને પૈસા સાથે લીધા - શ્રીજીમહારાજે લીલા કરી ભાતુ, પાણી, પૈસા બધું અપાવી દીધું - મહારાજે ચમત્કાર બતાવ્યો. લાલજી સુથારને તરસ લાગવાથી રણમાં મીઠી વીરડી કરી. - પાણી માંગનાર પણ રામાનંદ સ્વામી જ હતા. ૨/૬૬ થી ૭૦
૩. કેવળ ભગવાનને આશરે રહેતાં શીખવું. ૨/૭૧
૪. જીવનાં કલ્યાણ માટે વિચરનાર શ્રીહરિનો દેહનો અનાદર, ત્યાગ વગેરે લાલજી ભક્તે નિહાળ્યા - લાલજી ભક્તને લોકલાજનો ત્યાગ કરાવી સાધુ બનાવ્યા. નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું. ૨/૭૨-૭૩

**૩. ગોપાળયોગીના યોગમાં નીલકંઠ :**

૧. બુટોલપત્તનથી પોખરાના માર્ગે વિકટ વનમાં ગોપાળ યોગી સાથે મેળાપ ૧/૧૭૧
૨. ગોપાળયોગી અને નીલકંઠ વચ્ચેનો વાર્તાલાપ - યોગકળાની શિક્ષા ૧/૧૭૨
૩. ગોવાળને વાઘના ત્રાસથી મુક્ત કર્યાં. ૧/૧૭૩
૪. ટૂંક સમયમાં અષ્ટાંગ યોગની પ્રાપ્ત કરેલી સિદ્ધી. ૧/૧૭૪
૫. અષ્ટાંગ યોગનું ફળ નિર્વિકલ્પ સમાધિની વાત વર્ણીએ ગોપાળયોગીને સમજાવી. ૧/૧૭૪
૬. ગોપાળયોગી નીલકંઠવર્ણીને આપેલો 'પંચરત્નનો ગુટકો' ભેટ આપી દેહત્યાગ. ૧/૧૭૫

**૪. ભાડેરમાં શ્રીહરિની ધર્મસભા :**

૧. માણાવદરની ધર્મસભાથી કૃતાર્થ થયેલા વાઘજીભાઈએ જળઝીલણીનો ઉત્સવ કરવા ભાડેરમાં આવવા આપેલું આમંત્રણ - ભાડેરમાં ધર્મપિતાનું શ્રાદ્ધ - શ્રાદ્ધવિધિનો ઉદ્દેશ સમજાવ્યો ૨/૬
૨. નવરાત્રનું રહસ્ય - હિંસામય ઉત્સવો બંધ કરાવવાનો શ્રીહરિનો નિશ્ચય - શ્રીહરિએ સમજાવેલું આધ્યાત્મિક રહસ્ય - નવરાત્ર વ્રત કેવી રીતે કરાવવું બ્રાહ્મણનો પ્રશ્ન - શ્રીહરિએ બતાવેલ રીત ૨/૭
૩. દ્રવ્યનું આલંબન છોડી ભગવાનનું આલંબન રાખવાનો બ્રાહ્મણોને ઉપદેશ - નિષ્ઠા અને દૃઢ આશ્રયનું બળ બ્રાહ્મણોમાં પ્રગટ થયું. નવરાત્રનો ઉત્સવ નવી રીતથી ઉજવવાનો નક્કી કર્યું.  ૨/૮

❑ ❑ ❑